# કર્ણાવતી યુનિવર્સિટીનો દીક્ષાંત ૨૦૨૩ સમારોહ યોજાયો





ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગરના ઉવારસદ ખાતે કર્ણાવતી યુનિવર્સિટીનો ત્રીજો દીક્ષાંત ૨૦૨૩' મંગળવારે યુનિવર્સિટી કેમ્પસમાં યોજાયો હતો. દીક્ષાંત સમારોહ દરમિયાન લગભગ ૮૬૩ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં ચલાવાતાં અભ્યાસક્રમોમાં વિવિધ વિષયોમાં ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. 'દીક્ષાંત ૨૦૨૩' સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણના મંત્રી રૂષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના ભૂતપૂર્વ અધ્યક્ષ પદ્મશ્રી એ.એસ. કિરણ કુમાર, પ્રાપ્તકર્તા, K2Indiaના પ્રમુખ પદ્મશ્રી સુનીતા કોહલી, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU)ના વાઈસ ચાન્સેલર પદ્મશ્રી ડૉ જેએમ વ્યાસ, ફેશન ડિઝાઈન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (FDCI)ના ચેરમેન સુનિલ સેઠી અને ભંવર રાઠોડ ડિઝાઈન સ્ટુડિયોના ડાયરેક્ટર ભંવર રાઠોડ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા.

# ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ દ્વારા કેન્સરદિવસે વિશેષ સેમિનાર

ગાંધીનગર,તા.૭

ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, નિરમા યુનિવર્સિટી માં માસ્ટર ઓફ સાયન્સ ના વિદ્યાર્થીઓ કેન્સર બાયોલોજી નો અભ્યાસ કરે છે તેમ જ અહીંના અધ્યાપકો કેન્સર રિસર્ચમાં સક્રિય છે.

ડો. સરત દલાઈ, ડો. સોનલ બક્ષી, ડો. હિના દવે અને ડો શ્રીરામ શેષાદ્રી કેન્સર ઈમ્યુનોથેરાપી, આનુવંશિકતા, breast કેન્સર, અને અન્ય વિષયો માં પી.એચ. ડી. પ્રોજેક્ટસ કરી રહ્યા છે. આથી આજના દિવસે ખાસ એકટીવીટી યુનિવર્સિટી ના બધા વિદ્યાર્થીઓ માટે આ પ્રમાણે રાખવામાં આવી હતી. દર વર્ષે ૪થી ફેબ્રુઆરી આખા વિશ્વ માં વર્લ્ડ કેન્સર ડે તરીકે મનાવવામાં આવે છે. યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ (UICC) એ ૨૦૨૩ નો વિષય રાખ્યો છે "CLOSE the caregap". તેના અંતર્ગત પ્રશ્નોત્તરી, સોશ્યિલ મીડિયા અને બીજી એકટીવીટી માટે આમંત્રવામાં આવે છે, જેનાથી કેન્સર અંગે જાગૃતિ પ્રસાર કરવા માં ઘણી મદદ મળે છે. કેન્સર ૫૦% જેટલું ઘટાડી શકાય છે જો લોકો ને આ અંગે ની માહિતી સમયસર પહોંચે તો, આ સંદેશ ઘણો જ મહત્વનો છે જેથી યુનિવર્સિટી આને બહોળા પ્રમાણમાં ફેલાવવા માટે સક્રિય રીતે કાર્યરત છે.

સ્ટુડન્ટ વેલ્ફેર વિભાગના શ્રી આશિષ દેસાઈ, ડો. ભાવેશ પારેખ, અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. સોનલ બક્ષીએ આ માહિતી યુનિવર્સિટી ની બધી જ સંસ્થાઓ ના વિદ્યાર્થીઓને મોકલી અને તેમને ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.



ગાંધીનગરમાં ઓવરલોડ વાહનોનો ભારે ત્રાસ છે. શહેરમાં આ બાબતે જાણે કોઈ રોકટોક જ ન હોય તેમ વાહનચાલકો બેફીકરાઈપૂર્વક વાહનો હંકારે છે. ઘાસના પૂળા ભરીને બેફિકરાઈપૂર્વક જતી આ લોડીંગ ગાડી ખૂબ જ જોખમી રીતં હંકારવામાં આવી રહી છે. ઓવરલોડ વાહનો બાબતે શહેરમાં પ્રવેશના નિયમો હોવા જરૂરી છે.

# ગુજરાત યોગ બોર્ડની સહાયથી સહયોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૦૭

ગાંધીનગર ખાતે પતંજલિ યોગ સમિતિ અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સહયોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સહયોગ શિક્ષક પ્રશિક્ષણ શિબિરનો પ્રારંભ આગામી તા.૧લી માર્ચ બુધવારના રોજથી થઈ રહ્યો છે જેનો મુખ્ય ઉદેશ્ય યોગ, આયુર્વેદ, નેચરોપથી, એક્યુપ્રેશર થેરાપી, પ્રાથમિક ઉપચાર વગેરેનો ગહન પ્રચાર-પ્રસાર કરી ઘર-ઘર સુધી યોગને પહોંચાડવાનો છે. શિબિરનો સમય સવારે પાંચથી સાત વાગ્યા દરમ્યાન રહેશે જેમાં માત્ર ૧૦૦ કલાકની તાલીમ આપવામાં આવશે. શિબિરનું સ્થળ ચ-૩ સર્કલ પાસે સે.૭માં ડિવાઈન યોગ એન્ડ નેચરોપેથી સેન્ટર રહેશે અને પ્રશિક્ષણ શિબિરના અભ્યાસક્રમમાં યોગના મૂળભૂત સિદ્ધાંત, અષ્ટાંગયોગ, ષટકર્મ, પંચકર્મ, એક્યુપ્રેશર, આયુર્વેદ, માનવ શરીર રચના, પારંપરિક વ્યાયામ, અષ્ટચક્ર, પંચતત્વ, પંચકોશ, પંચપ્રાણ, સપ્તધાતુ, દિનચર્યા, રોગ અનુસાર અભ્યાસ વગેરે વિષય આવરી લેવામાં આવશે. તાલીમ પૂર્ણ થયા બાદ હરિદ્વારની પતંજલી યોગ સમિતી દ્વારા, ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ અને માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે તેવું આયોજક સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. આ પ્રમાણપત્ર ભારતના દરેક રાજ્યમાં માન્યતા ધરાવે છે જેથી તાલીમ લીધેલ વ્યક્તિ કોઈપણ જગ્યાએ પોતાનો સ્વતંત્ર યોગ વર્ગ ચલાવી શકશે તેવો દાવો કરતાં જણાવાયું છે કે તાલીમ દરમિયાન શીખવવામાં આવનાર અભ્યાસ સંબંધી પુસ્તકો પૂરા પાડવામાં આવશે અને હરિદ્વારના પતંજલિ યોગ સમિતિના વરીષ્ઠ અધિકારીઓ દ્વારા વિશેષ યોગ સત્રનું આયોજન કરવામાં આવશે. આ શિબિરમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન માટેનો અંતિમ દિવસ તા.૨૬મી ફેબ્રુઆરી છે અને વય મર્યાદા ૧૫ વર્ષથી ઉપરની નિયત કરવામાં આવી છે. શિબિર માટે સહયોગ શુલ્ક રૂ. ૧૫૯૯ રાખવામાં આવ્યું છે.

# નિફ્ટ ખાતે રાજ્યના ૨૫ કારીગરો માટે ઈ-કોમર્સ તાલીમ વર્કશોપનો પ્રારંભ






ગાંધીનગર, તા. ૦૭

ગાંધીનગર ખાતેની નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફેશન ટેકનોલોજી દ્વારા ગુજરાતના ૨૫ કારીગરો માટે આજે તેના કેમ્પસ ખાતે પ્રથમ આઉટરીચ પ્રોગ્રામનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. iNDEXT-c દ્વારા પ્રાયોજિત તા. ૬ થી ૯ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન ઈ-કોમર્સ પર ચાર દિવસીય વર્કશોપ તરીકે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહની શરૂઆત iNDEXT-cના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. અનિલ પ્રજાપતિ અને નિફટના ડિરેક્ટર ડૉ. પ્રો. સમીર સૂદની હાજરીમાં થઈ હતી

જેમાં ડૉ. પ્રજાપતિએ પ્રાયોગિક અને સંબંધિત વર્કશોપનું આયોજન કરીને કારીગરોને ટેકો આપવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. આ અગાઉ ડૉ. સમીર સૂદે કારીગરોનું સ્વાગત કર્યુ હતું અને ઈ-કોમર્સ પરના આયોજિત ઈનપુટ્સના સંદર્ભમાં વર્કશોપની સુસંગતતાની ચર્ચા કરી, જેમાં ઈ-કોમર્સ માટે કરવેરા અને ચુકવણીના ધોરણો શામેલ હશે તેની જાણકારી આપી હતી. વર્કશોપનું આયોજન ઈ-કોમર્સ પ્રત્યે સંચાર, ઓપરેશનલ મેનેજમેન્ટ, લોજિસ્ટિક્સ, કાનૂની અને નાણાકીય જરૂરિયાતો અને પ્રોડક્ટ ફોટોગ્રાફી સંબંધિત અવરોધોને દૂર કરવા માટે કરવામાં આવ્યું છે.

# માણસાના ઈશ્વરપુરા-બદપુરા ગામે એક દિવસીય ખેડૂત તાલીમ યોજાઈ



ગાંધીનગર, તા. ૭

નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા ''પ્રાકૃતિક કૃષિ–''બગાયતી ખેતીનું નવું આયમ'' થીમ પર ખેડૂત તાલીમનું આયોજન માણસાના ઈશ્વરપુર (બદપુરા) ગામ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૨ જેટલા ખેડૂતો સહભાગી બન્યા હતા. જેમાં સરકારની બાગાયતની યોજનાઓ, ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્વ, મિશન મધ માખી કાર્યક્રમ જેવા વિવિધ વિષયો અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ તાલીમમાં શ્રી રામાભાઈ શંકરભાઈ પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીનું મહત્વ અંગેની માહિતીપૂરી પાડી હતી. બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ વિષય ડૉ. પ્રિયંકા પ્રજાપતિ દ્વારા માહીતી આપવામાં આવી હતી. મદમાખી કન્સલટેન્ટ, શ્રી ગણપતસિંહ વાઘેલા દ્વારા મિશન મદમાખી કાર્યક્રમ અંતર્ગત મદમાખી પાલન થકી ફલીનીકરણમાં વધારા કરી ઉત્પાદનમાં વધારો કરવાની માહિતી આપવામાં આવી. આ પ્રોગ્રામ નું આયોજન નાયબ બાગાયત નિયામકશ્રી ડૉ. ફારૂક પંજ સાહેબના માર્ગદર્શન હેઠળ બાગાયત અધિકારીશ્રી, જીલ્લા કક્ષા, ડૉ. પ્રિયંકા પ્રજાપતિ અને મદમાખી કન્સલટેન્ટ, શ્રી ગણપતસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જય અંબે પરિવારનો અંબાજી મંદિરમાં ૫૬ ભોગ અન્નકૂટ



જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા મંગળવારને ૭ મી ફેબ્રુઆરીના રોજ અંબાજી નીજ મંદિરમાં માતાજી સમક્ષ ૫૬ ભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સાથે સાથે ગબ્બરની પરિક્રમા પણ કરવામાં આવી હતી.



સેક્ટર ૨૩ શિવ શક્તિ મંદિર પાસે ગોપી મહિલા મંડળ દ્વારા આનંદ નો ગરબો યોજાયો હતો.

# સ્વૈચ્છિક નિવૃત થતા કિલ્પાબેન પટેલનો વિદાય સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ઈન્ચાર્જ પબ્લિક હેલ્થ નર્સ તરીકે ફરજ બજાવતા કિલ્પાબેન પટેલ તારીખ ૩૧.૦૧.૨૩ના રોજ સ્વૈચ્છિક નિવૃત થયા. તેઓનો તાજેતરમાં ગાંધીનગર જિલ્લા પંચાયત સરદાર હોલ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ડી.ટી.ઓ., ડી.એમ.ઓ. , ઈ.એમ.ઓ., ક્યુ.એ.એમો.ઓ., ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ રણજીતસિંહ મોરી, ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચાના મહામંત્રી કિરીટસિંહ ચાવડા અને વહિવટી અધિકારીઓ તેમજ જિલ્લાના સ્ટાફની હાજરીમાં ભવ્ય વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. કિલ્પાબેન ૧૬.૦૩.૧૯૯૮ માં અડાલજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફિમેલ હેલ્થ વર્કર તરીકે નોકરીની શરૂઆત કરેલ તેઓએ અડાલજ ખાતે હેડ ક્વાર્ટર પર રહી ૨૪ કલાક તાત્કાલિક સેવાઓ બજાવી તેઓએ ૨૪ કલાક સેવાઓ દરમિયાન અડાલજ ખાતે સૌથી વધુ સુવાવડો કરાવી વર્ષ દરમિયાન એક જ વર્ષમાં ૨૫૫ સુવાડો તેમણે અડાલજ ખાતે કરાવી તે માટે તેમને રાજ્યના આરોગ્ય મંત્રી અશોકભાઈ ભટ્ટ સાહેબના હસ્તે શ્રેષ્ઠ કામગીરી એવોર્ડ પણ મળ્યો હતો તેમણે અક્ષરધામ હુમલો, ૨૦૦૨ ગોધરાકાંડ તેમજ રોગચાળામાં ઈમરજન્સી ટીમના સભ્ય તરીકે ફરજ બજાવી, તારીખ ૦૧.૧૧. ૨૦૧૩થી જિલ્લા પંચાયત ખાતે ઈન્ચાર્જ પબ્લિક હેલ્થ નર્સ તરીકે ફરજ બજાવી અને જિલ્લા અને રાજ્યના આરોગ્ય વિભાગની જુદા જુદા વિષયોની તાલીમ માટેના રાજ્યમાં એક સારા ટ્રેનર તરીકે પણ કામગીરી કરી. જિલ્લા કક્ષાએથી તેઓએ ૧૦૦૦ કરતાં વધુ આશાઓને તાલીમ આપેલ છે.


# બાસણ ગામમાં જૈનોના કુળદેવી ખોડીયાર માતાનો પાટોત્સવ

ગાંધીનગર, તા. ૦૭

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ બાસણ ગામમાં અત્યારે સાબરમતી નદીના તટમાં જૈન સમાજની કુળદેવી ખોડીયાર માતાજીનું ભવ્ય જૂનું પ્રાચીન મંદિર આવેલું છે જેનો મહાસુદ-૧૩ તારીખ ૩જી ફેબ્રુઆરીના દિવસે પાટોત્સવ ઉજવાયો હતો જેમાં બાસણ તેમજ વલાદ ગામના જૈન સમાજના ભાવિક ભક્તોએ મોટી સંખ્યામાં ઉમટી ભવ્ય ઉજવણી કરી હતી. આ પ્રસંગે જૈન સમાજે યજ્ઞનું આયોજન કર્યું હતું જેની પુર્ણાહુતિ બાદ ભકતોને પ્રસાદ તથા નાના બાળકોને નાસ્તો, સ્કૂલબેગ, નાસ્તાનો ડબ્બો, પેન, પેન્સિલ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાસણ ગામ વસાહત મંડળના પ્રમુખ વાઘેલા અર્જુનસિંહ તથા બાસણ અંબિકા દેવસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટના આગેવાનો દ્વારા ચા કોફીની સેવા પૂરી પાડવામાં આવી હતી આ સેવામાં ગામના રાજુભાઈ દેસાઈ અને હેમરાજભાઈ દેસાઈએ ઉદારતાથી દૂધની સેવા પૂરી પાડી હતી. આ પ્રસંગમાં ભુવાજી ચેહરભાઈ દેસાઈ, મનુસિંહ વાઘેલા, રણજીતસિંહ વાઘેલા, ભીખાજી વાઘેલા, ભીખાજી સતુજી વાઘેલા, મનુજી ગલાજી વાઘેલા, રઘુજી વાઘેલા, નરેન્દ્રસિંહ વાઘેલા, કનુજી ઠાકોર, જયંતિજી ઠાકોર, પુંજાજી ઠાકોર, વિષ્ણુભાઈ વાળંદ, ભીખાભાઈ વાળંદ, જળશીભાઈ દેસાઈ, શિવાભાઈ દેસાઈ, જીવરાજભાઈ દેસાઈ, અંબાજી માતાજી મંદિરના પૂજારી, ખોડીયાર માતાજી મંદિરના પૂજારી તથા વલાદ ગામના સુબોધભાઈ શાહ, પંકજભાઈ શાહ, નરેન્દ્રભાઈ શાહ, દીક્ષિતભાઈ શાહ તેમજ અન્ય અગ્રણીઓ હાજર રહ્યા હતા અને માતાજીના મંદિરે દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી

# લોદરાની સમૃદ્ધી માટે ગ્રામજનોને અભિનંદન : જે.એસ.પટેલ

## માણસા તાલુકા સહિત ગાંધીનગર જિલ્લાને વિકાસની રાહ પર અગ્રેસર રાખવા સંકલ્પ વ્યકત કરતાં ધારાસભ્ય



ગાંધીનગર, તા.૦૭

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાનું લોદરા ગામ એક સમૃદ્ધ ગામ તરીકે ઉભરી આવ્યું છે જે અંગે વાત કરતાં સ્થાનિક ધારાસભ્ય જે.એસ.પટેલે ગ્રામજનોની મહેનત, સુઝબુઝ, એકતા અને સંપને બિરદાવતાં જણાવ્યું હતું કે "સૌથી પહેલાં તો લોદરા ગામના ગ્રામજનોને હું અભિનંદન અને મારી શુભેચ્છાઓ પાઠવું છું. લોદરા ગામના સંત શ્રી બલરામદાસજીની ભક્તિ અને તેમની સેવા અનન્ય રહી છે. લોદરા પહેલેથી રેલવે લાઈનથી જોડાયેલું હતું, ગામના આગેવાનો ગામનો વિકાસ કેવી રીતે થાય તે માટે ચિંતનશીલ રહ્યાં છે, આખા ગામને પાણી પુરુ પાડતું તળાવ, જીઈબીનું સબસ્ટેશન વગેરેનો ગામના વિકાસમાં ફાળો છે. લોદરના ખમણ અને માવો સુપ્રસિદ્ધ છે તેમજ અહીંની આયુર્વેદિક કોલેજમાં અભ્યાસ કરીને આયુર્વેદિક ડોક્ટર વિવિધ જગ્યાએ સેવા આપી રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "ગામડાંને શહેર બનવવાના સ્વપ્ન"ને પરિપૂર્ણ કરતું લોદરા ગામ સમૃદ્ધ અને સુખી ગામ બન્યું છે તેનો મને ખૂબ હર્ષ છે. અમે દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં સમગ્ર માણસા તાલુકો અને ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યને વિકાસની રાહે અગ્રેસર રાખવા કટિબદ્ધ છીએ."



રાયપુરની તપોભૂમિ પર નિર્મિત શ્રી બહુચર માતાજી, શ્રી પંચેશ્વર મહાદેવ, શ્રી બ્રહ્માણી માતાજી, શ્રી ખોડિયાર માતાજી અને શ્રી બળીયાદેવ મહારાજના "શ્રી પંચદેવ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ" પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. મેયર એ શ્રી પંચદેવના દર્શન કરીને નગરજનોની પ્રગતિ, સુખ, શાંતિ, સમૃદ્ધિની કામના કરી હતી. આ પ્રસંગે ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# કલરવ, રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે 'આનાપાન ધ્યાન શિબિર'નું આયોજન

ગાંધીનગર, તા. ૭

સાંપ્રત સમયમાં મોટેરાઓની સાથે નાના બાળકો-વિદ્યાર્થીગણ પણ મનની મુશ્કેલીઓથી પીડિત છે. ઓનલાઈન શિક્ષણના સમયમાં ટેકનોલોજીના અતિ પરંતુ અનિવાર્ય ઉપયોગના કારણે મન પર થનારી નકારાત્મક અસરોથી બચવુ અતિ જરૂરી બની ગયુ છે.

ત્યારે મનના તણાવ, ગમા-અણગમા, મનોવિકાર (જેવા કે રાગ, દ્વેષ, ક્રોધ, ભય, ઈર્ષ્યા, અહંકાર આદિ)ને જડમૂળથી દૂર કરતી ચિત્ત બુદ્ધિની એક સરળ વૈજ્ઞાનિક વિદ્યા જેને પ્રદાન કરવા માટેની એક 'આનાપાન ધ્યાન શિબિર'નું આયોજન બાળ પ્રવૃત્તિઓને ઉત્તેજન આપતી સંસ્થા રોટરી ક્લબ, ગાંધીનગર સંલગ્ન સંસ્થા કલરવ દ્વારા કરવામાં આવ્યુ છે.

કલરવ સંસ્થાના પ્રમુખ કમલકિશોર જૈન અને રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ ડૉ. જગદીશ પટેલ દ્વારા બાળકો માટે ગાંધીનગર ખાતે 'આનાપાન' ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ખાસ કાર્યક્રમ હોઈ કલરવના એક દાયકા દરમિયાન યોજવામાં આવેલા કાર્યક્રમો કરતાં આનાપાનનો અલગ અનુભવ થવાની અપેક્ષા દાખવવામાં આવી છે. આથી વાલીઓને આ ધ્યાન શિબિર અંગે સંબંધિત સંસ્થાની વેબસાઈટ જોઈને બાળકોને મોકલવાનો નિર્ણય લેવાનું સૂચન કરવામાં આવ્યુ છે. https:// www. children. dhamma.org. આ શિબિરમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ધોરણ પાંચથી બારમા અભ્યાસ કરતા બાળમિત્રો આનાપાન મેડિટેશનમાં જોડાવા માટે ક્વોલિફાઈડ ગણાય છે. આ શિબિરમાં માત્ર શાકાહારી ભોજન આપવામાં આવે છે. બાળકોને મોબાઈલ ફોન સાથે રાખવાની મનાઈ છે. બાળકોએ શિબિરમાં સમય પર પહોંચવુ ફરજિયાત રહેશે. તેમજ પુરી શિબિર દરમિયાન હાજરી આપવી આવશ્યક રહેશે.

સાથોસાથ બાળકોએ કોવિડ માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

આ શિબિરમાં માત્ર ૭૦ સંખ્યા સુધીની જ નોંધણી મર્યાદા રાખવાની હોવાથી અનુદાન વગર તારીખ ૧૦ ફેબ્રુઆરીથી ૧૭ ફેબ્રુઆરી સુધીમાં વહેલા તે પહેલાના ધોરણે સાંજે ૫ થી ૭ દરમિયાન ફિઝિયોથેરાપી સેન્ટર, પંચદેવ મંદિરની બાજુમાં, સેક્ટર-૨૨ ખાતે રવિવાર સિવાય નોંધણી કરાવીને ટોકન મેળવી લેવાનો રહેશે.

જોડાવા ઈચ્છુક બાળ મિત્રએ સમગ્ર શિબિર દરમિયાન ટોકનને પીન-અપ કરવો ફરજિયાત રહેશે. ઓનલાઈન એપ્લિકેશનની લિંક https://forms.gle/HMptiUV3fYoh15jk9 વિગતો ભરવાની રહેશે. આ શિબિર સવારે ૮.૩૦ થી બપોરે ૩.૧૫ કલાક દરમિયાન યોજાશે.